30-03-2024 Saturday

Evening : 7.50 to 8.00 National News

**************************************************

- રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ આજે પૂર્વ નાયબ પ્રધાનમંત્રી લાલકૃષ્ણ અડવાણીને રાષ્ટ્રના સર્વોચ્ચ નાગરિક પુરસ્કાર ભારત રત્નથી સન્માનિત કર્યા છે.
- ભારતીય જનતા પક્ષના વરિષ્ઠ નેતા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે ઉત્તરપ્રદેશના મેરઠમાંથી લોકસભાની ચૂંટણી માટે પોતાના પક્ષ વતી ચૂંટણી પ્રચાર અભિયાનની શરૂઆત કરી.
- વિરોધપક્ષોના ગઠબંધન INDiA એ આજે દિલ્હીના રામલીલા મેદાનમાં મહારેલીનું આયોજન કર્યું.
- ભારતમાંથી ડુંગળીના જથ્થાની પહેલી ખેપ આજે રાત્રે બાંગ્લાદેશ પહોંચી જશે. તે ઉપભોક્તાઓને કિલો દીઠ 40 ટાકાના છૂટક દરે ઉપલબ્ધ કરાવાશે.
- મિયામી ઓપન ટેનિસમાં અમેરિકન ખેલાડી ડેનિયલ કોલિન્સે વિમેન્સ સિંગલ્સનો ખિતાબ જીતી લીધો છે.

**********************************

**<u>Advani -Bharat Ratna</u>**

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ આજે પૂર્વ નાયબ પ્રધાનમંત્રી લાલકૃષ્ણ અડવાણીને રાષ્ટ્રના સર્વોચ્ચ નાગરિક પુરસ્કાર ભારત રત્નથી સન્માનિત કર્યા છે. રાષ્ટ્રપતિએ શ્રી અડવાણીને નવી દિલ્હી ખાતેના તેમના નિવાસસ્થાને એવોર્ડ અર્પણ કર્યો હતો. .

એક સોશિયલ મીડિયા પોસ્ટમાં, રાષ્ટ્રપતિ મુર્મુએ જણાવ્યું હતું કે, ભારતીય રાજનીતિના દિગ્ગજ, લાલ કૃષ્ણ અડવાણીએ સાત દાયકાથી વધુ સમયથી અતૂટ સમર્પણ અને અસાધારણ કુશળતા સાથે દેશની સેવા કરી છે. 1927 માં કરાચીમાં જન્મેલા શ્રી અડવાણી 1947 માં ભાગલાની પૃષ્ઠભૂમિમાં ભારત આવ્યા હતા.

સાંસ્કૃતિક રાષ્ટ્રવાદના તેમના વિઝન સાથે, શ્રી અડવાણીએ સમગ્ર દેશમાં દાયકાઓ સુધી સખત મહેનત કરી અને સામાજિક-રાજકીય લેન્ડસ્કેપમાં પરિવર્તન લાવ્યા.

રાષ્ટ્રપતિએ કહ્યું, જ્યારે કટોકટી ભારતની લોકશાહીને જોખમમાં મૂકે છે, ત્યારે તેમની અંદરના અદમ્ય યોદ્ધાએ તેને સરમુખત્યારશાહી શક્તિઓથી બચાવવામાં મદદ કરી હતી.
રાષ્ટ્રપતિએ કહ્યું કે, ગૃહમંત્રી અને નાયબ પ્રધાનમંત્રી તરીકે, તેમણે હંમેશા રાષ્ટ્રીય હિતને સર્વોપરી રાખ્યું, જેના કારણે તેમને પક્ષની રેખાઓ પાર કરતા લોકો તરફથી આદર અને પ્રશંસા મળી. તેણીએ કહ્યું, ભારતના સાંસ્કૃતિક પુનરુત્થાન માટે તેમનો લાંબો અને અથાક સંઘર્ષ 2024માં અયોધ્યામાં શ્રી રામ મંદિરના પુનઃનિર્માણમાં પરિણમ્યો.
રાષ્ટ્રપતિ મુર્મુએ કહ્યું, શ્રી અડવાણી આઝાદી પછીના એવા કેટલાક રાજકીય નેતાઓમાંના એક છે જેઓ રાષ્ટ્રીય પ્રાથમિકતાઓને ફરીથી આકાર આપવામાં અને દેશને વિકાસના માર્ગ પર આગળ લઈ જવામાં સફળ રહ્યા હતા.

**PM---MEERUT-RALLY**

ભારતીય જનતા પક્ષના વરિષ્ઠ નેતા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે ઉત્તરપ્રદેશના મેરઠમાંથી લોકસભાની ચૂંટણી માટે પોતાના પક્ષ વતી ચૂંટણી પ્રચાર અભિયાનની શરૂઆત કરી. નરેન્દ્ર મોદીએ જાહેરસભાને સંબોધતા કહ્યું કે, 2024ની લોકસભાની ચૂંટણી માત્ર સરકાર બનાવવા માટે નહીં પરંતુ ભારતને વિકસિત રાષ્ટ્ર તેમજ વિશ્વની ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા બનાવવા માટે છે.
પ્રધાનમંત્રીએ કહ્યું કે, ભારત જ્યારે વિશ્વની સૌથી મોટી પાંચમી અર્થવ્યવસ્થા ધરાવતો દેશ બન્યો ત્યારે 25 કરોડથી વધારે લોકોને ગરીબીમાંથી બહાર લાવી શકાયા. તેમણે કહ્યું કે, જ્યારે ભારત ત્રીજી મોટી અર્થવ્યવસ્થા બનશ ત્યારે ગરીબી નાબૂદ થઈ જશે અને મધ્યમ વર્ગ દેશની પ્રગતિને બળ આપશે.
પ્રધાનમંત્રીએ કહ્યું કે, ભારત વિનિર્માણ ક્ષેત્રે અભૂતપૂર્વ મુડીરોકાણ કરી રહ્યું છે અને દેશના યુવાનોને દરેક ક્ષેત્રમાં અનેક તકો મળી રહી છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ

કહ્યું કે, આજે ભારતની શાખ, દુનિયામાં નવા સોપાનો સર કરી રહી છે અને સમગ્ર વિશ્વ ભારત પાસે અપેક્ષા રાખી રહ્યું છે.

પ્રધાનમંત્રીએ કહ્યું કે, તેઓ દેશને ભ્રષ્ટાચારથી બચાવવા માટેની મોટી લડાઈ લડી રહ્યા છે અને તે કારણે મોટા ભ્રષ્ટ લોકોને જેલમાં પૂરવામાં આવ્યા છે.

પ્રધાનમંત્રીએ છેલ્લાં દસ વર્ષમાં તેમની સરકારે અશક્ય ગણાતા તેવા કાર્યો કર્યા તેનો ઉલ્લેખ કર્યો. તેમાં અયોધ્યામાં રામ મંદિરનું નિર્માણ એક રેન્ક એક પેન્શન યોજના, ત્રણ તલાક વિરૂધ્ધ કડક કાયદો તેમજ લોકસભા અને વિધાનસભાઓમાં મહિલાઓને 33 ટકા આરક્ષણ જેવા મુદ્દાઓનો સમાવેશ થાય છે.

આ જાહેરસભાને ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે સંબોધન કર્યું. આ સભામાં ભારતીય જનતા પક્ષે મેરઠ લોકસભા મતવિસ્તારમાંથી રામાયણ ધારાવાહિકમાં રામનું પાત્ર ભજવનાર અભિનેતા અરૂણ ગોવિલને ઉભા રાખ્યા છે તેઓ તેમજ રાષ્ટ્રીય લોકદળના અધ્યક્ષ જયંત ચૌધરી અને ભાજપના અનેક વરિષ્ઠ નેતાઓ આ સભામાં હાજર હતા. ઉત્તરપ્રદેશમાં સાત તબક્કામાં મતદાન થશે.

**OPPOSITION-RALLY-BJP**

વિરોધપક્ષોના ગઠબંધન INDiA એ આજે દિલ્હીના રામલીલા મેદાનમાં મહારેલીનું આયોજન કર્યું. આ રેલીમાં દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલની ધરપકડ સહિત જુદા જુદા મુદ્દાઓનો વિરોધ કરવા માટે યોજવામાં આવી હતી.

કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ આ રેલીમાં કહ્યું કે, કેન્દ્ર સરકાર વિરોધપક્ષોને ધમકાવવા માટે વિવિધ સંસ્થાઓનો દુરૂપયોગ કરી રહી છે. મલ્લિકાર્જુન ખડગેએ કહ્યું કે, આ ચૂંટણી લોકશાહી અને સંવિધાન બચાવવા માટે છે અને બધા વિરોધપક્ષોએ સાથે મળીને લડવું જોઈએ.

આ રેલીમાં કોંગ્રેસના નેતા સોનિયા ગાંધી, રાહુલ ગાંધી, પ્રિયંકા ગાંધી, આમ આદમી પાર્ટીના નેતા, પંજાબના મુખ્યમંત્રી ભગવંત માન, જેલમાં પૂરવામાં આવેલા દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલના પત્ની સુનિતા, ઝારખંડ મુક્તિ મોરચાના નેતા અને

ઝારખંડના મુખ્યમંત્રી ચંપઈ સોરેન, ભૂતપૂર્વ મુખ્યમંત્રી હેમંત સોરેનના પત્ની કલ્પના, માર્ક્સવાદી સામ્યાવાદી પક્ષના નેતા સીતારામ યેચૂરી, સામ્યાવાદી પક્ષના મહામંત્રી ડી. રાજા, શિવસેના ઉધ્ધવ ઠાકરે પાર્ટીના નેતા ઉધ્ધવ ઠાકરે, NCP-SCP ના નેતા શરદ પવાર, રાષ્ટ્રીય જનતા દળના તેજસ્વી યાદવ, નેશનલ કોન્ફરન્સના નેતા ફારૂક અબ્દુલ્લા, પીડીપીના નેતા મહેબૂબા મુફ્તી, સમાજવાદી પક્ષના નેતા અખિલેશ યાદવ અને તૃણમુલ કોંગ્રેસના નેતા ડેરિક ઓ બ્રિયાનનો સમાવેશ થાય છે.
ગયા વર્ષ જૂન મહિનામાં પટનામાં વિપક્ષી મોરચા INDiA ની સ્થાપના થઈ તે પછી તેના ઘટકપક્ષોના નેતાઓની આ પહેલી જાહેર બેઠક હતી.
દરમિયાન ભારતીય જનતા પક્ષે કહ્યું કે, આ લોકશાહી બચાવવા માટે નહીં પરંતુ પરિવાર બચાવો અને ભ્રષ્ટાચાર છૂપાવો રેલી છે.

**Tripura -Women Polls**

ત્રિપુરામાં, 793 મતદાન મથકોમાંથી, ત્રિપુરા પશ્ચિમ સંસદીય બેઠકમાં તમામ મહિલા મતદાન કર્મચારીઓ દ્વારા 58 મતદાન મથકોનું સંચાલન કરવામાં આવશે. આના સંબંધમાં, અગરતલાની શિશુ વિહાર શાળામાં લગભગ 400-500 મહિલા મતદાન કર્મચારીઓને મોક પોલની તાલીમ આપવામાં આવી રહી છે. મહિલા સંચાલિત મતદાન મથકોને મોડેલ મતદાન મથકો તરીકે ઓળખવામાં આવશે.
આકાશવાણી ન્યૂઝ સાથે વાત કરતા, ત્રિપુરા પશ્ચિમ સંસદીય મતવિસ્તારના રિટર્નિંગ ઓફિસર ડૉ. વિશાલ કુમારે જણાવ્યું હતું કે ચૂંટણી ફરજ પ્રમાણપત્ર (EDC) માટે મતદાન કર્મચારીઓ પાસેથી પાંચ હજારથી વધુ અરજીઓ મળી છે. EDC એવા મતદાન કર્મચારીઓને પરવાનગી આપે છે કે જેઓ તેમના નિવાસસ્થાનથી દૂર હોય અને તેમના સંસદીય મતવિસ્તારમાં મતદાન ફરજ પર હોય અન્ય કોઈપણ મતદાનમાંથી તેમના મતાધિકારના અધિકારનો ઉપયોગ કરી શકે.

**Bjp -Bhilwara**

ભાજપે આજે દામોદર અગ્રવાલને રાજસ્થાનની ભીલવાડા લોકસભા સીટ માટે પાર્ટીના ઉમેદવાર તરીકે જાહેર કર્યા છે. પાર્ટીએ આજે લોકસભા ચૂંટણી માટે એક ઉમેદવારની 9મી યાદી બહાર પાડી છે

**MP- -Nomination**

મધ્યપ્રદેશમાં લોકસભા ચૂંટણીના પ્રથમ તબક્કામાં છ બેઠકો પર કુલ 88 ઉમેદવારો મેદાનમાં છે. ઉમેદવારીપત્રો પરત ખેંચવાના અંતિમ દિવસે ગઈકાલે 19 ઉમેદવારોએ ઉમેદવારી પાછી ખેંચી હતી.

હવે સિધી લોકસભા મતવિસ્તારમાં 17, શહડોલમાં 10, જબલપુરમાં 19, મંડલામાં 14, બાલાઘાટમાં 13 અને છિંદવાડામાં 15 ઉમેદવારો મેદાનમાં છે. પ્રથમ તબક્કાનું મતદાન 19 એપ્રિલે થશે. મતગણતરી 4 જૂને થશે.

**DHAKA--ONION-IMPORT**

ભારતમાંથી ડુંગળીના જથ્થાની પહેલી ખેપ આજે રાત્રે બાંગ્લાદેશ પહોંચી જશે. તે ઉપભોક્તાઓને કિલો દીઠ 40 ટાકાના છૂટક દરે ઉપલબ્ધ કરાવાશે.

બાંગ્લાદેશના વાણિજ્ય રાજ્યમંત્રી અહેસાન ઉલ ઇસ્લામ ટીટૂએ કહ્યું કે, પચાસ હજાર મેટ્રિક ટન ડુંગળની પહેલી ખેપમાંથી કુલ એક હજાર, છસો ટન ડુંગળી ટ્રેન મારફતે આયાત કરવામાં આવશે.

આ પહેલાં ભારતે વિદેશમંત્રાલયની ભલામણને આધારે બાંગ્લાદેશ અને અન્ય પાંચ દેશોને ડુંગળીની નિકાસ કરવાની મંજુરી આપી હતી.

**CBI-Lecture**

સેન્ટ્રલ બ્યુરો ઑફ ઇન્વેસ્ટિગેશન (CBI) આવતીકાલે તપાસ એજન્સીના સ્થાપના દિવસ નિમિત્તે 20મા ડી.પી. કોહલી મેમોરિયલ લેક્ચરનું આયોજન કરી રહ્યું છે. ભારતના મુખ્ય ન્યાયાધીશ જસ્ટિસ ડી.વાય. ચંદ્રચુડ આવતીકાલે નવી દિલ્હીમાં ભારત મંડપમ ખાતે ડી.પી. કોહલી મેમોરિયલ લેક્ચર આપશે. આ વર્ષની આ વ્યાખ્યાનની થીમ એડોપ્ટીંગ ટેક્નોલોજી ટુ એડવાન્સ ક્રિમિનલ જસ્ટિસ છે.

ભારતના મુખ્ય ન્યાયાધીશ આ પ્રસંગે સીબીઆઈ અધિકારીઓને વિશિષ્ટ સેવા માટે રાષ્ટ્રપતિ પોલીસ મેડલ અને મેરીટોરીયસ સર્વિસ માટે પોલીસ મેડલ પણ અર્પણ કરશે. સેન્ટ્રલ બ્યુરો ઑફ ઇન્વેસ્ટિગેશનની સ્થાપના ભારત સરકારના 1લી એપ્રિલ 1963ના ઠરાવ દ્વારા કરવામાં આવી હતી, જે માત્ર લાંચ અને ભ્રષ્ટાચારના કેસોની જ નહીં, પણ કેન્દ્રીય નાણાકીય કાયદાઓના ઉલ્લંઘનો અને ગંભીર ગુનાઓની તપાસ કરવા ઉપરાંત સહાયક ગુપ્ત માહિતી એકત્ર કરે છે. છેલ્લા છ દાયકાથી વધુ સમયથી, સેન્ટ્રલ બ્યુરો ઑફ ઇન્વેસ્ટિગેશન દેશમાં એક અગ્રણી તપાસ અને કાર્યવાહી કરતી એજન્સી તરીકે ઉભરી આવ્યું છે.

સીબીઆઈ તેના સ્થાપક નિર્દેશકને આદર અને શ્રદ્ધાંજલિ આપે છે અને વર્ષ 2000 થી ડી.પી. કોહલી મેમોરિયલ લેક્ચરનું આયોજન કરી રહી છે. સ્વર્ગસ્થ ધરમનાથ પ્રસાદ કોહલીનો જન્મ 1907માં ઉત્તર પ્રદેશમાં થયો હતો. 1931 માં પોલીસ સેવામાં જોડાયા પછી, તેમણે યુપી, પૂર્વ મધ્ય ભારત અને ભારત સરકારમાં સેવા આપી.

તેમણે 1955માં જાહેર સેવાઓમાં ભ્રષ્ટાચારના વધતા જતા વલણને અંકુશમાં લેવા અને નિયંત્રણ કરવા માટે દિલ્હી સ્પેશિયલ પોલીસ એસ્ટાબ્લિશમેન્ટ ડીએસપીઈનું નેતૃત્વ કર્યું હતું. 1લી એપ્રિલ 1963ના રોજ સેન્ટ્રલ બ્યુરો ઓફ ઇન્વેસ્ટિગેશનની રચના પર, તેઓ તેના સ્થાપક ડિરેક્ટર બન્યા અને 1963 થી 1968 સુધી તેના ડિરેક્ટર તરીકે ચાલુ રહ્યા.

આ વ્યાખ્યાન શ્રેણીમાં ભૂતકાળમાં વિવિધ ક્ષેત્રોના અત્યંત પ્રતિષ્ઠિત વક્તાઓ અને દિગ્ગજો દર્શાવવામાં આવ્યા છે જેઓ સંબંધિત વિષયો પર તેમની આંતરદૃષ્ટિ અને

અનુભવો શેર કરે છે. આ વ્યાખ્યાનોનો હેતુ સંવાદને પ્રોત્સાહન આપવા, જ્ઞાનની વહેંચણી કરવા અને કાયદાના અમલીકરણ, ફોજદારી ન્યાય પ્રણાલી અને ફોજદારી તપાસના ક્ષેત્રમાં પડકારો અને ઉકેલોની સમજને આગળ વધારવામાં યોગદાન આપવાનો છે.

**ED---PROPERTIES**

અમલ બજવણી નિદેશાલયે હરિયાણાના કુખ્યાત ગેંગસ્ટર સુરેન્દર સિંહ ઉર્ફે ચીકૂના કુટુંબીજનો પાસેથી સ્થાવર અને જંગમ મળીને 17 કરોડ રૂપિયાથી વધારે કિંમતની સંપત્તિને વિધિવત રીતે ટાંચમાં લીધી છે.

વિવિધ તપાસમાં એવું જાણવા મળ્યું છે કે, સુરેન્દર સિંહ, લોરેન્સ બિશ્નોઇ ટોળકીના ગુનેગારોએ ગુનાઇત રીતે પચાવી પાડેલી સંપત્તિની વ્યવસ્થા કરતો હતો.

**Miyami Open Tennis**

મિયામી ઓપન ટેનિસમાં અમેરિકન ખેલાડી ડેનિયલ કોલિન્સે વિમેન્સ સિંગલ્સનો ખિતાબ જીતી લીધો છે. આજે ફ્લોરિડામાં વિમેન્સ સિંગલ્સની ફાઇનલમાં કોલિન્સે એક મોટા અપસેટમાં કઝાકિસ્તાનની ચોથી ક્રમાંકિત એલેના રાયબાકિનાને સીધા સેટમાં 7-5, 6-3થી હાર આપી હતી . આજે રાત્રે મેન્સ સિંગલ્સની ફાઇનલમાં બીજા ક્રમાંકિત ઇટાલીના જેનિક સિનરનો સામનો 11મો ક્રમાંકિત બલ્ગેરિયાના ખેલાડી ગ્રિગોર દિમિત્રોવ સામે થશે.

અગાઉ, ભારતીય ટેનિસ સ્ટાર રોહન બોપન્ના અને તેના ઓસ્ટ્રેલિયન સાથી મેથ્યુ એબ્ડેને ગઈકાલે મેન્સ ડબલ્સની ફાઇનલમાં ઐતિહાસિક જીત મેળવી હતી. આ જોડીએ ક્રોએશિયાના ઈવાન ડોડિક અને અમેરિકાના ઓસ્ટિન કાજીસેકને 6-7, 6-3, 10-6થી હરાવ્યો હતો. 44 વર્ષીય બોપન્ના, એટીપી માસ્ટર્સ 1000 ટાઈટલ જીતનાર સૌથી વધુ વય ધરાવતો વ્યક્તિ અને તમામ નવ એટીપી માસ્ટર્સ 1000 ઈવેન્ટ્સની ફાઇનલમાં પહોંચનાર બીજો ભારતીય બન્યો. આ જીત સાથે તેણે એટીપી રેન્કિંગમાં પણ ટોચનું સ્થાન મેળવી લીધું છે

**FPIs**

બજારના નોંધપાત્ર પરિવર્તનમાં, વિદેશી પોર્ટફોલિયો રોકાણકારો (FPIs) માર્ચ 2024માં ચોખ્ખા ખરીદદારો બન્યા છે અને ભારતીય ઇક્વિટીમાં 35,098 કરોડ રૂપિયાનું રોકાણ કર્યું છે.

આ ઉછાળો કેપિટલ ગુડ્સ, ઓટોમોબાઈલ, ફાયનાન્સિયલ, ટેલિકોમ અને રિયલ એસ્ટેટ સહિતના વિવિધ ક્ષેત્રોમાં જોવા મળ્યો હતો. મહિનામાં થોડું મોડું વેચાણ થયું હોવા છતાં, પ્રવૃત્તિનું સ્તર જાન્યુઆરી અને ફેબ્રુઆરીમાં જોવા મળેલા પ્રદર્શન કરતાં નોંધપાત્ર રીતે ઊંચું હતું. 2024ના પ્રથમ બે મહિનામાં, FPIs ચોખ્ખા વિક્રેતા હતા, જાન્યુઆરીમાં 25,744 કરોડ રૂપિયાની ઇક્વિટી ઑફલોડ કરી હતી અને ફેબ્રુઆરીમાં માત્ર 1,539 કરોડ રૂપિયાની ખરીદી કરી હતી